## દેશમાં કોરોનાના કેસ વધતાં ત્રીજી લહેરના ભણકારા પણ તેજ બન્યા

# કેરળ બાદ મુંબઈમાં પણ કોરોનાના કેસમાં વધારો



મુંબઈ, તા.૩

કેરળમાં વધતા કેસ કોરોનાની ત્રીજી લહેરના ભણકારાને વધારે તેજ બનાવી રહ્યા હતા, ત્યારે હવે મુંબઈમાં પણ કોરોનાના નવા કેસમાં વધારો થવાનું શરુ થઈ ગયું છે. અહીં એક અઠવાડિયા કરતા વધુ દિવસોથી નવા કેસનો ગ્રાફ સળંગ ઊંચો જઈ રહ્યો છે, જે ચિંતાજનક છે. મહારાષ્ટ્રમાં કોરોનાના નવા કેસ ૪,૩૪૨ નોંધાયા છે, જેમાં પાછલા દિવસની સરખામણીએ ૧૧૪ કેસ ઘટ્યા છે. બીજી તરફ મુંબઈમાં બુધવારના ૪૧૫ નવા કેસની સરખામણીમાં ગુરુવારે કેસ વધીને ૪૪૦ પર પહોંચ્યા છે. આ સાથે બીએમસીના આંકડા પ્રમાણે મુંબઈમાં ગંભીર દર્દીઓની સંખ્યા ૨૯ ઓગસ્ટના રોજ ૩૯૦ હતી જે ૧ સપ્ટેમ્બરે ૫૧૩ પર પહોચી ગઈ છે. આ સાથે એક્ટિવ કેસની સંખ્યા ૨૬ ઓગસ્ટના રોજ ૨,૭૩૬ હતી તે વધીને ૩,૧૮૭ પર પહોંચી ગઈ છે. આ સમય દરમિયાન હોમ કોરન્ટાઈન થયેલા લોકોની સંખ્યા ૪૩,૧૯૨થી વધીને ૫૨,૫૨૯ થઈ ગઈ છે.

એડિશનલ મ્યુનિસિપલ કમિશનર સુરેશ કકાણીએ જણાવ્યું છે કે, કેસમાં વધારો થઈ રહ્યો છે, પરંતુ આના પરથી એ ના કહી શકાય કે આ ત્રીજી લહેર છે. અમે આગામી દિવસો દરમિયાન નવા કેસમાં થઈ રહેલા વધારાના ટ્રેન્ડ પર નજર રાખીશું. બીજી તરફ રાજ્યમાં કોરોનાથી થયેલા મૃત્યુનો આંક ઘટ્યો છે. બુધવારે ૧૮૩ મૃત્યુ નોંધાયા હતા જ્યારે ગુરુવારે તે ૫૫ પર પહોંચ્યા છે. અહીં કોરોનાના કુલ કેસની સંખ્યા વધીને ૬૪.૭૩ લાખ થઈ ગઈ છે અને મૃત્યુઆંક ૧,૩૭,૫૫૧ પર પહોંચ્યો છે. મુંબઈમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૭.૪૫ લાખ પર પહોંચી છે અને મૃત્યુઆંક ૧૫,૯૮૪ થઈ ગયો છે. મેડિકલ એજ્યુકેશન મિનિસ્ટર અમિત દેશમુખે જણાવ્યું છે કે, ત્રીજી લહેરની સંભાવનાને ધ્યાનમાં રાખીને મેડિકલ કૉલેજમાં જરુરી સાધન-સામગ્રી વધારી દેવાઈ છે અને જિલ્લા વહીવટી તંત્રને સચેત રહેવાના આદેશ આપવામાં આવ્યા છે. તેમણે આગળ જણાવ્યું છે કે, ડૉક્ટરોને રવિવારે યોજાનારા ઓનલાઈન સેમિનારમાં જોડાવા માટે જણાવાયું છે, જેથી તેઓ ટાસ્ક ફોર્સ એક્સપર્ટ સાથે સારવાર અને નિવારણ અંગે ચર્ચા કરી શકે. રાજ્ય તથા મુંબઈ શહેરમાં કોરોનાના નવા કેસને ડામવા માટે આગામી સમયમાં કેટલાક જરુરી પગલા પણ ભરવામાં આવી શક છે. ... જેમાં તહેવારો તથા સ્કૂલોને લઈને શું નિર્ણય લેવો તે અંગે પણ કેટલાક મહત્વના પગલા ભરવામાં આવે તેવી સંભાવના દેખાઈ રહી છે. રાજ્યમાં ગણેશોત્સવને ધ્યાનમાં રાખીને પણ મહત્વની ગાઈડલાઈન જાહેર કરવામાં આવશે, જેથી કરીને ફરી એકવાર કોરોના વાયરસ પાટે ચઢેલી જીવન શૈલીને અટકાવવાનું કામ ના કરી શકે.

**મુંબઈમાં એક અઠવાડિયા કરતા વધુ દિવસોથી નવા કેસનો ગ્રાફ સળંગ ઊંચો જઈ રહ્યો હોઈ રાજ્યમાં ચિંતા**

## વાવાઝોડું લ્યુસિયાના થઈને ન્યુયોર્ક, ન્યુજર્સી અને પેન્સિલ્વેનિયા સુધી પહોંચ્યું

# અમેરિકામાં આવેલાં ઈડા વાવાઝોડાએ કેર વર્તાવ્યો : ન્યુયોર્કમાં ઈમરજન્સી જાહેર



ન્યુયોર્ક , તા.૦૩

ન્યુયોર્ક શહેરમાં ઈમરજન્સી જાહેર કરાઈ છે કેમ કે શહેરમાં ઐતિહાસિક વરસાદ વરસી શકે છે. ભયંકર પૂરનો ખતરો સર્જાઈ શકે છે. બધા લોકો સુરક્ષિત સ્થાને ખસી જાય અને માર્ગોથી દૂર રહે. ઈમરજન્સી વિભાગના લોકોને તેમનું કામ કરવા દે.અમેરિકામાં ચાર દિવસ પહેલાં આવેલાં ઈડા વાવાઝોડાએ કેર વર્તાવ્યો છે.

આ વાવાઝોડું લ્યુસિયાના થઈને ન્યુયોર્ક, ન્યુજર્સી અને પેન્સિલ્વેનિયા રાજ્ય સુધી પહોંચી ગયું છે. તેની સૌથી વધુ અસર ન્યુયોર્ક સિટી પર થઈ છે. અહીં એક રાતમાં આશરે ૪ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

હવામાન વિજ્ઞાનીઓ અનુસાર ન્યુયોર્કમાં આ વરસાદ ગત ૪૦૦થી ૫૦૦ વર્ષનો સૌથી ભીષણ વરસાદ હોઈ શકે છે. દરમિયાન ન્યુયોર્કના ઈતિહાસમાં પહેલીવાર ઈમરજન્સી જાહેર કરાઈ છે. વરસાદને લીધે ન્યુયોર્કના મોટા ભાગના સબ-વે પર પાણી ભરાઈ ગયું છે.

મોટા ભાગની મેટ્રો બંધ છે. એમટીએસ બસ રુટ સંપૂર્ણપણે ઠપ થઈ ગયો છે. બસોમાં પાણી ભરાઈ ગયું છે. બીજી બાજુ ભારે વરસાદ અને પૂરને કારણે અમેરિકામાં ૨૧ લોકોના મૃત્યુ થયાં છે. સૌથી વધુ ૮ મૃત્યુ ન્યુયોર્કમાં થયાં છે. મૃતકોમાં બે વર્ષનું બાળક પણ સામેલ છે જ્યારે ૭ લોકો ગંભીર રીતે ઘવાયા છે. રિપોર્ટ મુજબ દેશમાં આશરે ૬ કરોડ લોકો પૂર સામે ઝઝૂમી રહ્યા છે. જોકે ૩ લાખ ઘરોમાં વીજળી ડૂલ થઈ ચૂકી છે.

## વૈશ્વિક બજારોમાં બજારમાં તેજી

# સેન્સેક્સમાં ૨૭૭ અને નિફ્ટીમાં ૮૯ પોઈન્ટનો મોટો ઊછાળો નોંધાયો



મુંબઈ, તા.૩

વૈશ્વિક બજારોમાં સકારાત્મક વલણ અને વિદેશ ફંડોની લેવાલીથી સેન્સેક્સ ૨૭૭ પોઈન્ટ ચઢીને ૫૮,૧૯૪.૭૯ પર બંધ થયો. સેન્સેક્સે આજે ૫૮,૧૯૪.૭૯નો ઓલટાઈમ હાઈ સ્તર પણ સ્પર્શ્યો હતો. તો વળી નિફ્ટી ૫૦ ૮૯.૪૫ પોઈન્ટ ઉપર ૧૭,૩૨૩.૬૦ પર બંધ થયો. તેમે પણ આજે ૧૭,૩૪૦.૧૦ પોઈન્ટનો હાઈ બનાવ્યો.કારોબાર દરમિયાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, કોટક મહિન્દ્રા બેંક અને આઈસીઆઈસીઆઈ બેંકના શેરોમાં ઊછાળાના સહારે શુક્રવારે સેન્સેક્સે શરૂઆતના કારોબારમાં ૨૫૦ પોઈન્ટથી વધુ વૃધ્ધિ સાથે ૫૮,૦૦૦નો આંક પાર કરી લીધો હતો. એજ રીતે વ્યાપક એનએસઈ નિફ્ટીએ પણ શરૂઆતના સત્રમાં ૧૭,૩૦૦નો આંકડો પાર કર્યો. શરૂઆતના સત્રમાં ૩૦ શેરોવાળો સેન્સેક્સ ૨૫૦.૭૫ પોઈન્ટ અથવા ૦.૪૩ ટકાની તેજી સાથે પોતાના અત્યાર સુધીના ઉચ્ચતમ સ્તર ૫૮,૧૦૩.૨૯ પર કારોબાર કરી રહ્યો હતો અને નિફ્ટી ૬૭.૬૫ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા વધીને ૧૭,૩૦૧.૮૦ પર ચાલી રહ્યો હતો. સેન્સેક્સમાં ટાઈટન લગભગ બે ટકાના વધારા સાથે ટોચ પર રહ્યો, એ પછી રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, કોટક બેંક, એસબીઆઈ, એનટીપીસી અને ઈન્ડસઈન્ડ બેંકનું સ્થાન રહ્યું. બીજી તરફ એચસીએલ ટેક, એચયૂએલ, એમએન્ડએમ, ટેક મહિન્દ્રા અનેટીસીએસના શેરોને નુકશાન થયું. છેલ્લા સત્રમાં સેન્સેક્સ ૫૧૪.૩૩ પોઈન્ટ અથવા ૦.૯૦ ટકાની તેજી સાથે ૫૭,૮૫૨.૫૪ના તેના સર્વકાલિન ઉચ્ચ સ્તરે બંધ થયો જ્યારે નિફ્ટી ૧૫૭.૯૦ પોઈન્ટ અથવા ૦.૯૨ ટકા વધીને ૧૭,૨૩૪.૧૫ પર બંધ થયો. વિદેશી સંસ્થાગત રોકાણકારો મૂડી બજારમાં શુધ્ધ ખરીદાર હતા અને અસ્થાયી વિનિમયના આંકડા અનુસાર તેઓએ ગુરૂવારે ૩૪૮.૫૨ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા. આ દરમિયાન આંતરરાષ્ટ્રીય ઓઈલ બેંચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૦૩ ટકા પડીને ૭૩.૦૧ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું હતું.

**સેન્સેક્સ ૫૮,૧૯૪.૭૯ના ઓલટાઈમ હાઈ સ્તર પર સ્પર્શ્યો, ટાઈટન લગભગ બે ટકા વધારા સાથે ટોચ પર**

## કાશ્મીરના યુવાઓને આંતકવાદમાં ધકેલવા ધમપછાડા

# ISIS-Kના ત્રણ આતંકીઓ અફઘાનની જેલમાંથી ભાગ્યા

નવી દિલ્હી, તા.૩

અફગાનિસ્તાનની જેલમાંથી ભાગી છુટેલા આતંકી સંગઠન આઈએસઆઈએસ-કેના ત્રણ આતંકીઓ લશ્કર એ તોયબા તેમજ જૈશ એ મહોમ્મદ સાથે મળીને કાશ્મીરના યુવાઓને આતંકવાદ તરફ ધકેલવા માટે ધમપછાડા કરી રહ્યા હોવાની બાતમી ભારતીય સુરક્ષા એજન્સીઓને મળી છે.

સુરક્ષા એજન્સીઓને મળેલી જાણકારી પ્રમાણે ભાગી છુટેલા ત્રણ પૈકી બે પાકિસ્તાની અને એક કાશ્મીરી આતંકી છે.ઉલ્લેખનીય છે કે, તાલિબાને આજે જ નિવેદન આપ્યુ છે કે, કાશ્મીરીઓ માટે અવાજ ઉઠાવવો એ અમારો અધિકાર છે. જેના કારણે ભારતની ચિંતા વધી છે.

આઈએસઆઈએસ-કેના આ ત્રણ આતંકીઓ પૈકી એકનુ નામ અસલમ ફારૂકી છે અને તે પાકિસ્તાનનો નાગરિક છે. છેલ્લા ૧૦ વર્ષથી તે કાશ્મીરના યુવાઓને આતંકવાદી બનાવવા માટે કામ કરી રહ્યો છે.

જોકે છેલ્લા એક વર્ષથી તે અફઘાનિસ્તાનની જેલમાં હતો. બીજો આતંકી મનસીબ આઈએસઆઈએસ-કેનુ સોશિયલ મીડિયા નેટવર્ક સંભાળે છે અને તે પણ પાકિસ્તાની છે.તેણે સોશિયલ મીડિયા થકી ઘણા લોકોને આઈએસઆઈએસ-કેસાથે જોડવાનુ કામ કર્યુ છે. ત્રીજો આતંકી એજાજ અહંગારી કાશ્મીરનો હોવાનુ મનાય છે. લાંબા સમય માટે તે પાક કબ્જા હેઠળના કાશ્મીરમાં આતંકી સંગઠનો સાથે કામ કરી ચુકયો છે.

આ ત્રણે આતંકીઓને ગયા વર્ષે કાબુલ ગુરૂદ્વારામાં થયેલા બ્લાસ્ટ બાદ અફઘાનિસ્તાનની સુરક્ષા એજન્સીએ પકડી લીધા હતા. જોકે તાલિબાનનુ શાસન આવ્યા બાદ તેઓ ફરી આઝાદ થઈ ગયા છે.

ભારતને એમ પણ તાલિબાનનુ શાસન આવ્યા બાદ અફઘાનિસ્તાન ઈસ્લામિક આતંકવાદનુ કેન્દ્ર બનવાનો ડર સતાવી રહ્યો છે. આ પહેલા પણ અહીંયા અલ કાયદા, આઈએસઆઈએસ જેવા સંગઠનો સક્રીય રહી ચુકયા છે.

## કૌંગ્રેસના સાંસદના કેન્દ્ર સરકાર પર સતત આકરા પ્રહારો

# મોદી સરકાર રોજગાર માટે હાનિકારક છે રાહુલ ગાંધી



નવી દિલ્હી, તા.૩

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી સતત કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા આવ્યા છે. વારંવાર કેન્દ્રની મોદી સરકારને ઘેરી રહ્યા છે. એકવાર ફરી આ કડીમાં કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કેન્દ્ર પર નિશાન સાધ્યુ છે. રાહુલ ગાંધીએ ટ્વીટ દ્વારા કહ્યુ છે કે મોદી સરકાર રોજગાર માટે હાનિકારક છે. તેમણે કહ્યુ કે સરકાર લોકોની નોકરીઓ છીનવવા માગે છે. તેમણે સેન્ટર ફૉર મૉનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીની રિપોર્ટનો હવાલો આપતા મોદી સરકાર પર આકરા પ્રહાર કર્યા છે.

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ ટ્વીટ કરી લખ્યુ, મોદી સરકાર રોજગાર માટે હાનિકારક છે. તે કોઈ પણ પ્રકારના મિત્રહીન વ્યવસાય અથવા રોજગારને પ્રોત્સાહન કે સહારો આપતા નથી પરંતુ જેની પાસે નોકરી છે તેની પણ છીનવવામાં લાગ્યા છે. દેશવાસીઓ પાસે આત્મનિર્ભરતાનો ઢોંગ અપેક્ષિત છે. જનહિતમાં જારી.

સીએમઆઈઆઈ તરફથી જારી રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ઓગસ્ટ મહિનામાં ઔપચારિક અને અનૌપચારિક બંને વિસ્તારમાંથી લગભગ ૧૫ લાખથી વધારે લોકો બેરોજગાર થઈ ગયા છે.



અગાઉ રાહુલ ગાંધીએ મોંઘવારીને લઈને પણ મોદી સરકારને આડે હાથ લીધા હતા. ગેસ, પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવને લઈને કોંગ્રેસ સાંસદે કહ્યુ હતુ કે મોદી સરકાર માટે જીડીપી વધવાનો અર્થ ગેસ, ડીઝલ અને પેટ્રોલના ભાવમાં વૃદ્ધિ છે. રાહુલ ગાંધીએ કહ્યુ, મોદીજી કહેતા રહે છે કે જીડીપી વધી રહી છે, નાણા મંત્રીનુ કહેવુ છે કે જીડીપી ઉપરની તરફ પ્રોજેક્શન બતાવી રહી છે. ત્યારે મને સમજાયુ કે જીડીપીથી આનો અર્થ શુ છે. આનો મતલબ છે ગેસ-ડીઝલ-પેટ્રોલ. તેમને આ ભ્રમ છે.

**સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીની રિપોર્ટનો હવાલો આપતા કહ્યું, સરકાર નોકરીઓ છીનવવા માગે છે**

# તેજસ ટ્રેનમાં સફર કરતા ધારાસભ્ય ગોપાલ મંડલનું ગેરવર્તન



દિલ્હી ,તા.૦૩

ધારાસભ્ય ગોપાલ મંડલે ટ્રેનમાં ચડતા જ તેમને વૉશરુમ જવું પડ્યું હતું અને ઉતાવળમાં તેઓ અંડરવેરમાં જ જતાં રહ્યા હતા. બાદમાં એક યાત્રીએ તેઓની સાથે ગેરવર્તન કર્યું હતું. થોડા સમય માટે ધારાસભ્ય કંઈ બોલ્યા ન્હોતા પરંતુ બાદમાં આવીને તેમણે આ મુદ્દે વાતચીત કરી હતી. જેવા આરોપ તેમના પર લગાવવામાં આવી રહ્યા છે તેવું કંઈ જ બન્યું નથી. તેમના મિત્ર કુણાલ સિંઘે કહ્યું હતું કે થોડો ગુસ્સો તો આપણને બધાને આવી જતો હોય છે. ધારાસભ્ય ગોપાલ મંડલ પટનાથી દિલ્હી એક ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા. મુસાફરી દરમિયાન તેમણે એવું કર્યું કે જેનાથી સહયાત્રીઓને ક્ષોભજનક પરિસ્થિતિમાં મુકાવું પડ્યું હતું અને તેમણે તેનો વિરોધ પણ કર્યો હતો. તો સામે ધારાસભ્ય ગોપાલ મંડલે પણ તેમણે ગોળી મારી દેવાની ધમકી આપી દીધી હોવાના સમાચાર મળ્યા હતા.

પટનાથી દિલ્હી તેજસ ટ્રેનમાં સફર કરી રહેલા ગોપાલ મંડલ પર આરોપ હતો કે તેઓ અંડરવેર પહેરીને ટ્રેનની બોગીમાં આમથી તેમ ફરી રહ્યા હતા. આ બાબતથી તેમની સાથે મુસાફરી કરી રહેલા લોકોએ આપત્તિ દર્શાવી હતી. તો તેમણે આ સહયાત્રીઓ સાથે ગાળાગાળી કરીને તેમણે ગોળી મારી દેવાની ધમકી આપી દીધી હતી. એક સહયાત્રી પ્રહલાદ પાસવાને આરોપ લગાવ્યો હતો કે ધારાસભ્ય ગોપાલ મંડલ અન્ડરવેરમાં ફરી રહ્યા હોવાથી તેમણે તેનો વિરોધ કર્યો હતો પરંતુ ત્યાં સુધી તેઓને ખબર ન હતી કે તેઓ ધારાસભ્ય છે. ગોપાલ મંડલે તેમણે માં-બહેન સામે ગાળો આપી હતી અને મારપીટ પણ કરી હતી. ધારાસભ્ય ગોપાલ મંડલ તેમને ગોળી મારવાની ધમકી આપી હતી જેની તેઓએ બાદમાં આરપીફ ને ફરિયાદ પણ કરી હતી. ફરિયાદ બાદ તેમનો કોચ બદલી નાખવામાં આવ્યો હતો. એઆ મામલે ધારાસભ્ય ગોપાલ મંડલે કોઈ વાતચીત કરવાની હમણાં નાં પાડી દીધી હતી.


**CHEMCON**

## કેમકોન સ્પેશિયાલિટી કેમિકલ્સ લિમિટેડ

CIN: L24231GJ1988PLC011652

રજી. ઓફિસઃ બ્લોક નંબર ૩૫૫, મંજુસર કુનપાડ રોડ, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, વડોદરા – ૩૯૧ ૭૭૫

ટેલિફોનઃ ૦૨૬૫–૨૯૮૧૧૯૫ । વેબસાઈટઃ www.cscpl.com । ઈ–મેઈલઃ investor.relations@cscpl.com

### ૩૨મી (બત્રીસમી) વાર્ષિક સામાન્ય સભાની નોટીસ અને ઈ-મતદાનની માહિતી

આથી નોટીસ આપવામાં આવે છે કે, કેમકોન સ્પેશિયાલિટી કેમિકલ્સ લિમિટેડ (કંપની) ના સભ્યોની ૩૨મી (બત્રીસમી) વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) ૨૮મી સપ્ટેમ્બર ૨૦૨૧ ને મંગળવારે સવારે ૧૧.૦૦ વાગે એજીએમની નોટીસમાં જણાવ્યા મુજબના વ્યવસાયોના વ્યવહાર માટે યોજવામાં આવશે. આ એજીએમ કંપની ધારા ૨૦૧૩ અને સિક્યોરીટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લીસ્ટીંગ ઓબ્લીગેશન્સ અને ડિસ્કલોઝર રીકવાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ (''લીસ્ટીંગ રેગ્યુલેશન્સ'') ની લાગુ પડતી જોગવાઈઓ અનુસાર અને મીનીસ્ટરી ઓફ કોર્પોરેટ અફેર્સ ના તારીખ ૮ એપ્રિલ, ૨૦૨૦, ૧૩ એપ્રિલ, ૨૦૨૦ અને ૫ મે, ૨૦૨૦ ના સામાન્ય પરિપત્ર નંબર અનુક્રમે ૧૪/૨૦૨૦, ૧૭/૨૦૨૦ અને ૨૦/૨૦૨૦ અને તારીખ ૧૩ જાન્યુઆરી, ૨૦૨૧ના સ્પષ્ટતા પરિપત્ર નંબર ૦૨/૨૦૨૧ અને સિક્યોરીટીસ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ના તારીખ ૧૨ મે, ૨૦૨૦ અને ૧૫ જાન્યુઆરી, ૨૦૨૧ ના સામાન્ય પરિપત્ર નંબર અનુક્રમે SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 અને SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 માં દર્શાવેલ પ્રક્રિયા અનુસાર વિડિયો કોન્ફરન્સિંગ (VC) / અન્ય ઓડિયો–વિઝ્યુઅલ મીન્સ (OAVM) દ્વારા યોજવામાં આવશે.

ઉપરોક્ત પરિપત્ર અનુસાર, એજીએમની નોટીસ સહિત નો નાણાકિય વર્ષ ૨૦૨૦–૨૧ માટેનો વાર્ષિક અહેવાલ ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા તે સભ્યોને જ મોકલવામાં આવ્યા છે કે જેમના ઈમેઈલ સરનામા કંપની/ડિપોઝીટરીઝમાં નોંધાયેલા છે. ૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ સભ્યોને વાર્ષિક અહેવાલ ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા મોકલી આપેલ છે. એજીએમની નોટીસ સહિતનો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ (www.cscpl.com) અને એક્સચેન્જની વેબસાઈટ – બીએસઈ લિમિટેડ (www.bseindia.com), નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (www.nseindia.com) પર પણ ઉપલબ્ધ રહેશે અને એજીએમની નોટિસ, રીમોટ ઈ–મતદાન સુવિધા પુરી પાડવા માટેની એજન્સી એટલે કે સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ) ની વેબસાઈટ (www.evotingindia.com) પર પણ ઉપલબ્ધ રહેશે.

કંપનીએ તેના સભ્યોને એજીએમની નોટીસમાં દર્શાવેલ તમામ ઠરાવો પર ઈલેક્ટ્રોનિક રીતે મત આપવાની સુવિધા આપેલ છે. ઈ–વોટીંગ સુવિધા પુરી પાડવા માટે કંપનીએ સીડીએસએલની નીમણુંક કરી છે. રીમોટ ઈ–વોટીંગ શુક્રવાર, ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ સવારે ૧૦.૦૦ વાગે શરૂ થશે અને સોમવાર, ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ સાંજે ૫.૦૦ વાગે સમાપ્ત થશે. ત્યારબાદ સીડીએસએલ દ્વારા રીમોટ ઈ–વોટીંગની સુવિધા બંધ કરવામાં આવશે અને રીમોટ ઈ–વોટીંગની સુવિધા ઉપર જણાવેલી તારીખ અને સમયની બહાર આપવામાં આવશે નહીં.

જે વ્યકિતનું નામ સભ્યોના રજીસ્ટરમાં અથવા ડીપોઝીટરીઝ દ્વારા જાળવવામાં આવતા રજીસ્ટરમાં કટ–ઓફ તારીખે એટલેકે મંગળવાર, ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ નોંધાયેલ હોય તેજ સભ્ય રીમોટ ઈ–વોટીંગની સુવિધા મેળવવા માટે અથવા એજીએમમાં ભાગ લેવા માટે અને એજીએમ દરમ્યાન ઉપલબ્ધ ઈ–વોટીંગ સિસ્ટમ દ્વારા મત આપવા માટે હકદાર રહેશે. જે સભ્યોએ રીમોટ ઈ–વોટીંગ દ્વારા પોતાનો મત આપ્યો નથી અને વીસી (VC)/ ઓએવીએમ (OAVM) સુવિધા દ્વારા હાજર રહેશે તે એજીએમ દરમ્યાન ઈ–વોટીંગ સિસ્ટમ મારફતે મત આપવા માટે હકદાર રહેશે. જે સભ્યોએ રીમોટ ઈ–વોટીંગ દ્વારા પોતાનો મત આપ્યો છે તેઓ એજીએમ માં હાજરી આપી શકે છે પરંતુ ફરીથી મતદાન કરવા માટે હકદાર નથી.

જે સભ્યો ફિઝિકલ સ્વરૂપમાં શેર ધરાવે છે અથવા જેમને કંપની/ડિપોઝિટરીઝમાં તેમના ઈ–મેઈલ સરનામા નોંધાવ્યા નથી અને જે વ્યકિતએ નોટીસ મોકલ્યા પછી કંપનીના શેર ખરીદી કંપનીના સભ્ય બન્યા હોય અને કટ–ઓફ તારીખે શેર ધરાવતા હોય તે લોકો એજીએમની નોટિસ ડાઉનલોડ કરી શકે છે અને તેમાં દર્શાવેલ પ્રક્રિયા મુજબ રીમોટ ઈ–વોટીંગ, એજીએમમાં હાજરી અને એજીએમમાં મતદાન કરી શકે છે.

જે સભ્યોએ તેમના ઈ–મેઈલ સરનામાં કંપની કે તેમના ડીપોઝટરી સાથે નોંધાવ્યા નથી તેઓ નીચે જણાવેલ પ્રક્રિયા મુજબ તેમના ઈ–મેઈલ સરનામાં નોંધણી કરાવી શકે છેઃ

૧) ફિઝિકલ સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યો માટેઃ કૃપા કરીને નીચે મુજબના દસ્તાવેજો કંપનીના ઈ–મેઈલ સરનામા investor.relations@cscpl.com પર મોકલવા :
એ. હસ્તાક્ષરિત વિનંતી પત્રની સ્કેન કોપી જેમાં તમારો ફોલિયો નંબર, સંપૂર્ણ સરનામું અને નોંધણી કરવવા માટેનું ઈમેઈલ સરનામાનો ઉલ્લેખ કરવાનો રહેશે.
બી. પાનકાર્ડની સ્કેન કરેલી સ્વપ્રમાણિત નકલ, અને
સી. સભ્યના નોંધાયેલા સરનામાને ટેકો આપતા કોઈપણ દસ્તાવેજ (જેમ કે ડ્રાઈવિંગ લાઈસન્સ, પાસપોર્ટ, બેંક સ્ટેટમેન્ટ, આધાર કાર્ડ)
(૨) ડીમેટ સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યો માટેઃ કૃપા કરીને તમારા સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ મારફતે તમારું ઈમેઈલ સરનામું અપડેટ કરાવવું.

ઈલેક્ટ્રોનિક માધ્યમથી ઈ–મતદાન માટેની સુવિધા સાથે જોડાયેલી તમામ ફરિયાદોનું નિવારણ કરવા માટે શ્રી રાકેશ દલવી, સીનીયર મેનેજર, (સીડીએસએલ) સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ, એ વીંગ, ૨૫મો માળ, મેરેથોન ફ્યુચ્યુરેક્સ, મફતલાલ મીલ કંપાઉન્ડસ, એન એમ જોષી માર્ગ, લોવર પરેલ (પૂર્વ), મુંબઈ–૪૦૦૦૧૩ ને ઈ–મેઈલ કરો helpdesk.evoting@cdslindia.com અથવા કોલ કરો ૦૨૨–૨૩૦૫૮૫૪૨/૪૩.

ડિમેટ સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યોએ લોગિન સંબંધિત કોઈપણ તકનીકી સમસ્યાઓ માટે ડિપોઝીટરી એટલેકે સીડીએસએલ અને એનએસડીએલ નો નીચે મુજબ સંપર્ક કરવો.

| લોગિન પ્રકાર | હેલ્પડેસ્કની વિગતો |
|---|---|
| જે સભ્યો સીડીએસએલ સાથે ડીમેટ સ્વરૂપમાં શેર ધરાવે છે. | લોગિન માટે કોઈપણ તકનીકી સમસ્યા ઉદ્ભવેતો સભ્યોએ સીડીએસએલ હેલ્પડેસ્ક પર સંપર્ક કરી શકે છે. ઈમેઈલ helpdesk.evoting@cdslindia.com અથવા કોલ ૦૨૨–૨૩૦૫૮૭૩૮ અને ૦૨૨–૨૩૦૫૮૫૪૨/૪૩. |
| જે સભ્યો એનએસડીએલ સાથે ડીમેટ સ્વરૂપમાં શેર ધરાવે છે. | લોગિન માટે કોઈપણ તકનીકી સમસ્યા ઉદ્ભવેતો સભ્યોએ એનએસડીએલ હેલ્પડેસ્ક પર સંપર્ક કરી શકે છે. ઈમેઈલ evoting@nsdl.co.in અથવા કોલ ૧૮૦૦ ૧૦૨૦ ૯૯૦ અને ૧૮૦૦ ૨૨૪૪ 30 |


એજીએમ ના હેતુ માટે કંપનીના સભ્યોનું રજીસ્ટર અને ટ્રાન્સફર બુક બુધવાર, ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૧ થી મંગળવાર, ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૧ (બંને દિવસો સહિત) બંધ રહેશે.

કેમકોન સ્પેશિયાલિટી કેમિકલ્સ લિમિટેડ વતી
સહી/–
શાહિલકુમાર કાપટેલ
કંપની સેક્રેટરી અને કમ્પ્લાયન્સ ઓફિસર
સભ્યપદ નં. એ૫૨૨૧૧

સ્થળ : વડોદરા
તારીખ : 03 સપ્ટેમ્બર, ૨૦૨૧


## લોકપ્રિય અભિનેતાને વિદાય આપવા લોકોની ભીડ ઉમટી

# ટીવી સ્ટાર અને બિગ બોસના વિનર સિદ્ધાર્થ શુક્લા પંચમહાભૂતમાં વિલિન




મુંબઈ , તા.૩

ગુરૂવારે વહેલી સવારે અવસાન પામેલા ટીવી સ્ટાર અને બિગ બોસના વિનર સિદ્ધાર્થ શુક્લાના આજે ઓશિવારાના સ્મશાન ગૃહમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા માત્ર ૪૦ વર્ષની વયે સિદ્ધાર્થનું ગઈકાલે મોત થયું હતું. સિદ્ધાર્થને અંતિમ વિદાય આપવા માટે આજે તેની ફ્રેન્ડ શહેનાઝ ગીલ, તેની માતા, બહેનો તેમજ મોટી સંખ્યામાં ટીવી સ્ટાર્સ સ્મશાનગૃહે અંતિમ વિદાય આપવા ઉમટી પડ્યા હતા. શહેનાઝ ગીલની તો રડી-રડીને હાલત ખરાબ થઈ ગઈ હતી. સિદ્ધાર્થની માતા અને બહેનોની આંખમાંથી પણ આંસુ રોકાવાનું જાણે નામ જ નહોતા લઈ રહ્યા. તેને હોસ્પિટલ લઈ જવાયો ત્યારે ફરજ પરના ડૉક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. પ્રાથમિક વિગતો અનુસાર, સિદ્ધાર્થનું મોત હદય રોગના હુલમાના કારણે થયું છે. તેના પીએમમાં આંતરિક ઈજાના કોઈ નિશાન નથી મળ્યા. સિદ્ધાર્થના પાર્થિવ દેહને આજે હોસ્પિટલથી સીધો જ ઓશિવારા સ્મશાન ગૃહમાં લઈ જવાયો હતો. કૂપર હોસ્પિટલમાં તેનું પીએમ કરવામાં આવ્યું હતું. પ્રાથમિક અહેવાલો અનુસાર, હાર્ટ અટેકને કારણે સિદ્ધાર્થનું મોત થયું હોવાનું મનાઈ રહ્યું છે, પરંતુ સત્તાવાર રીતે કોઈ નક્કર કારણ હજુ સુધી જાહેર નથી કરાયું. સિદ્ધાર્થને અંતિમ વિદાય આપવા માટે ટીવી ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા સ્ટાર્સ તેમજ અન્ય લોકો મોટી સંખ્યામાં સ્મશાન ગૃહ પર ઉમટી પડ્યા હતા. સિદ્ધાર્થના પાર્થિવ દેહને સ્મશાન ગૃહ લઈ જવાયો ત્યારે મોટી સંખ્યામાં સ્મશાનમાં લોકો ઉમટી પડતા સ્મશાનના દરવાજા બંધ કરી દેવાયા હતા. મીડિયાને પણ સ્મશાનની બહાર જ રાખવામાં આવ્યું હતું.

## વિદેશોમાં ભારતની દેશી વસ્તુઓની વધતી ડિમાન્ડ

# અમેરિકામાં લીમડાના એક દાતણનો ભાવ ૧૮૦૦ રૂપિયા



નવી દિલ્હી, તા.૩

ભારતમાં શહેરોમાં રહેનારા મોટાભાગના લોકો તો દાતણને ભુલી ગયા છે. જેનાથી રોજ સવારે બ્રશ કરવામાં આવતુ હતુ. ગ્રામ્ય વિસ્તારમાં જોકે આ ચલણ હજી જોઈ શકાય છે.

ભારતના દાતણનુ અમેરિકામાં હવે વેચાણ શરૂ થયુ છે. મળતા અહેવાલ પ્રમાણે અમેરિકાની એક ઈ કોમર્સ વેબસાઈટે ૧૮૦૦ રૂપિયામાં લીમડાનુ એક નંગ દાતણ વેચવાનુ શરૂ કર્યુ છે. સામાન્ય રીતે ભારતમાં હજી પણ પાંચેક રૂપિયામાં એક નંગ દાતણ મળી જતુ હોય છે.

ભારતના યોગની તો અમેરિકામાં બોલબાલા વધી જ છે ત્યારે દાતણનુ વેચાણની શરૂઆત પણ આશ્ચર્યજનક છે. અમેરિકામાં હાલમાં તેને કેમિકલ મુક્ત એક ઓર્ગેનિક પ્રોડકટ તરીકે જોવામાં આવી રહી છે. દાતણ વેચનાર કંપની લીમડાના દાતણના ફાયદા પણ ગણાવી રહી છે. થોડા સમય પહેલા ન્યૂઝીલેન્ડની એક વેબસાઈટે ભારતીય ઢબના ખાટલાને ૪૧૦૦૦ રૂપિયામાં વેચવાનુ શરૂ કર્યુ હતુ. આ ટાઈપના ખાટલા ગ્રામ્ય વિસ્તારોમાં વપરાતા હોય છે. ભારતમાં ધાબા પર પણ લોકો આવા ખાટલામાં બેસીને ભોજન કરતા હોય છે. ભારતમાં તે ૧૦૦૦ રૂપિયાથી ૫૦૦૦ રૂપિયામાં ઉપલબ્ધ છે.

## Kaushalya Infrastructure Development Corporation Limited

CIN- L51216WB1992PLC055629
Regd. Office: HB – 170, Sector – III, Salt Lake, Kolkata – 700 106
Ph.: 033-2334 4148, E-mail: info@kaushalya.net
Website: www.kaushalya.net

**NOTICE OF 29TH AGM OF THE COMPANY**

Notice is hereby given that 29th Annual General Meeting ('AGM') of the Company will be held on Friday, 24th September, 2021 through two-way video conferencing (V.C) / Other Audio Visual Means (OAVM) facility, at 2.00 P.M. The notice setting out the business to be transacted at the virtual AGM and Annual Report of the Company for the financial year ended 31st March, 2021, have been sent through electronic mode on 2nd September, 2021 to all those shareholders who have registered their e-mail id with the depositories or with the Company. The Annual Report along with the Notice of AGM is available on the Company's website (www.kaushalya.net), National Securities Depository Limited (NSDL) e-voting website (www.evoting.nsdl.com) and on the websites of BSE (www.bseindia.com) and NSE (www.nseindia.com).

In terms of Section 108 of the Companies Act, 2013 read with Rule 20 of the Companies (Management and Administration) Rules, 2014, the Resolutions for consideration at the 29th AGM will be transacted through remote e-voting (i.e. facility to cast vote prior to the AGM) and also e-voting during the AGM. The Company has engaged the services of NSDL, who will provide the e-voting facility to the Members.

Only those Members whose names are recorded in the Register of Members of the Company or in the Register of Beneficial Owners maintained by the Depositories as on the cut-off date i.e. Friday, September 17, 2021 will be entitled to cast their votes by remote e-voting or e-voting during the AGM. Those who are not Members on the cut-off date should accordingly treat the AGM Notice as for information purposes only.

Remote e-voting will commence at 9.00 a.m. on Tuesday, September 21, 2021 and will end at 5.00 p.m. on Thursday, September 23, 2021, when remote e-voting will be blocked by NSDL. Members, who cast their votes by remote e-voting, may attend the AGM but will not be entitled to cast their votes once again.

A person who has become a Member of the Company after dispatch of the Notice but on or before the cut-off date for remote e-voting, or has registered the e-mail id after dispatch of the Notice, such Member may obtain the user ID and password by sending a request at evoting@nsdl.co.in or rta@cbmsl.com.

In case of any queries, shareholders may send a request to or contact Mr. Amit Vishal, Senior Manager/Ms. Pallavi Mhatre, Manager, NSDL, Trade World, 'A' Wing, 4th Floor, Kamala Mills Compound, Lower Parel, Mumbai—400013 at telephone no. 022-24994360/022 24994545 or at E-mail id evoting@nsdl.co.in

Further, pursuant to Regulation 42 of SEBI LODR Regulations, 2015, the Register of Members and Share Transfer Books of the Company shall remain closed from September 18, 2021 to September 24, 2021 (both days inclusive) for the purpose of AGM.

The Results of voting will be declared within two working days from the conclusion of the 29th AGM. The declared Results, along with the Scrutinizer's Report, will be available forthwith on the Company's website at www.kaushalya.net under the section 'Investor Relationship' and on NSDL's e-voting website www.evoting.nsdl.com. Such Results will also be forwarded by the Company to the NSE and BSE, where the shares of the Company are listed.

**For Kaushalya Infrastructure Development Corporation Limited**
**Place: Kolkata** **Sanjay Lal Gupta**
**Date : September 2, 2021** **Whole-time Director & Company Secretary**

## CUPID LIMITED

**Manufacturers and Suppliers of Male, Female Condoms and Lubricants**
**We Help The World Play Safe . . . . .**
**CIN: L25193MH1993PLC070846**
**Factory & Registered Office :**
**A – 68, M. I. D. C. (Malegaon), Sinnar, Nashik, Maharashtra – 422113**
**Email: cs@cupidlimited.com Website: www.cupidlimited.com;**
**Phone: +91-2551- 230280 / 230772 ; Fax: +91-2551-230279**

**NOTICE FOR 28TH ANNUAL GENERAL MEETING OF THE COMPANY**

Notice is hereby given that the Twenty Eighth Annual General Meeting ('AGM') of the shareholders of Cupid Limited is scheduled to be held through Video Conferencing / Other Audio Visual Means (VC/OAVM) on Tuesday, 28th September, 2021 at 12.00 noon to transact the business as set out in the Notice of the 28th AGM.

The AGM will be convened in compliance with the applicable provisions of the Companies Act, 2013 and the Rules made thereunder ('the Act'), provisions of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ('the Regulations'), and in view of the continuing COVID-19 pandemic, applicable sections of the General Circular No. 02/2021 dated 13th January, 2021, No. 20/2020 dated May 5, 2020 read with General Circular No. 14/2020 and 17/2020 dated April 8, 2020 and April 13, 2020 respectively issued by the Ministry of Corporate Affairs and Circular dated 13th January, 2021, May 12, 2020 issued by the Securities and Exchange Board of India (collectively referred as 'the relevant circulars'). Members participating through the VC/OAVM shall be reckoned for the purpose of quorum under Section 103 of the Act.

The Notice of the AGM and Annual Report for the financial year 2020-2021 have been sent on 3rd September, 2021 through electronic mode only, to those Members whose email addresses are registered with the Company / Bigshare Services Private Limited ('RTA') / Depositories. The requirement of sending physical copy of the Annual Report has been dispensed with vide the relevant circulars. The e-copy of the AGM Notice and Annual Report for the financial year 2020-2021 are also available on the website of the Company at www.cupidlimited.com; the website of Bombay Stock Exchange at www.bseindia.com and the website of National Stock Exchange of India Limited at www.nseindia.com.

In terms of Section 108 of the Act read with Rule 20 of the Companies (Management and Administration) Rules, 2014 ('the Rules'), and Regulation 44 of the Regulations, and Secretarial Standards-2 on General Meetings issued by the Institute of Company Secretaries of India, the Company is pleased to provide its Members with the facility to exercise their rights to vote on the resolutions proposed to be passed at the 28th AGM by electronic means.

The Company has engaged the services of the Central Depository Services (India) Limited (CDSL) for providing the e-voting facility [both before the 28th AGM (remote e-voting) from any place and during the 28th AGM (e-voting at the AGM)].

Mr. Shailesh Kachalia (Membership No. FCS 1391), practicing Company Secretary, has been appointed by the Company as Scrutinizer for 28th AGM related matters of the Company.

**All members are hereby informed that:**

i. Shareholder will be provided with a facility to attend the AGM through VC/OAVM through the CDSL e-Voting system. Shareholders may access the same at https://www.evotingindia.com under shareholders/members login by using the remote e-voting credentials. The link for VC/OAVM will be available in shareholder/members login where the EVSN of Company will be displayed.

ii. A person whose name is recorded in the register of Members or in the Register of Beneficial Owners maintained by the Depositories as on 21st September, 2021 i.e. cut-off date shall be entitled to vote on the Resolutions set in the Notice.

iii. The dividend on Equity Shares, if declared at the AGM, will be payable on or after September 29, 2021 to those members :

a) Whose names appear as Members in the Register of Members of the Company on September 20, 2021; and

b) Whose names appear as Beneficial Owners in the list of Beneficial Owners as on September 20, 2021 furnished by National Securities Depository Limited (NSDL) and Central Depository Services (India) Limited (CDSL) for this purpose.

iv. Any person who becomes a member of the Company after dispatch of the Notice of the Meeting and holding shares as on the cut-off date i.e. 21st September, 2021 may obtain the User ID and password in the manner as mentioned in the Notice or write an email to helpdesk.evoting@cdslindia.com.

v. The remote e-voting period will commence on 25th September, 2021 at 9.00 a.m. and ends on 27th September, 2021, at 5.00 p.m. The remote e-voting will be disabled for voting thereafter by the CDSL.

vi. In addition, the facility for e-voting shall be available during the 28th AGM and Members attending the AGM who have not cast their votes through remote e-voting shall be eligible to vote at the AGM.

vii. Members who have already cast their votes through remote e-voting facility may participate in the AGM, however shall not be allowed to vote at the AGM.

viii. Subject to receipt of requisite number of votes, the Resolutions shall be deemed to be passed on the date of the Meeting, i.e. 28th September, 2021.

ix. In case of any queries or issues regarding e-voting, you may refer the Frequently Asked Questions ("FAQs") and e-voting manual available at www.evotingindia.com under help section or write an email to helpdesk.evoting@cdslindia.com or contact at 022- 23058738 and 022-23058542/43.

x. Shareholders who would like to express their views/ask questions during the meeting may register themselves as a speaker by sending their request in advance atleast 15 days prior to meeting mentioning their name, demat account number/folio number, email id, mobile number at company email id. The shareholders who do not wish to speak during the AGM but have queries may send their queries in advance 15 days prior to meeting mentioning their name, demat account number/folio number, email id, mobile number at company email id. These queries will be replied to by the company suitably by email.

Pursuant to Section 91 of the Companies Act, 2013, the Register of Members and Share Transfer Books of the Company will remain closed from Tuesday, 21st September, 2021 to Tuesday, 28th September, 2021 (both days inclusive) for the purpose of Annual General Meeting.

Members are requested to carefully read all the Notes set out in the Notice of the AGM and in particular the instructions for joining the AGM, and the manner of casting vote through remote e-voting or e-voting at the AGM.

**By Order of the Board**
**For Cupid Limited**
**S/d**
**Saurabh V. Karmase**
**Place: Mumbai** **Company Secretary and Compliance Officer**
**Date: 3rd September, 2021** **ECSIN: EA041701A000083921**

## CANTABIL RETAIL INDIA LIMITED

**Registered Office:** B- 16, Ground Floor,
Lawrence Road Industrial Area, Delhi - 110035
**Corporate Identity Number (CIN):** L74899DL1989PLC034995
**Tel:** 91-11-27156381/82, **Telefax:** 91-11-27156383
**E-mail:** investors@cantabilinternational.com
**Website:** www.cantabilinternational.com

**NOTICE TO 33RD ANNUAL GENERAL MEETING, E-VOTING AND BOOK CLOSURE**

**Annual General Meeting:**

NOTICE is hereby given that the Thirty-Third (33rd) Annual General Meeting ('AGM' or 'Meeting') of the Members of Cantabil Retail India Limited ('the Company') will be held on Tuesday, September 28, 2021 at 11.00 A.M. (IST) through Video Conferencing ('VC') facility / other audio visual means ('OAVM') ONLY, to transact the business as set out in the Notice of the AGM. In compliance with the Companies Act, 2013 and Rules framed thereunder and SEBI (Listing Obligation and Disclosure Requirements), Regulation, 2015 read with General Circular No.14/2020, 17/2020, 20/2020 and 02/2021 dated 8th April 2020, 13th April 2020, 5th May 2020 and 13th January 2021 respectively, issued by Ministry of Corporate Affairs (MCA), and Circular No. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 dated 12th May 2020 read with SEBI Circular dated January 15, 2021 issued by the Securities and Exchange Board of India ("SEBI Circular), without the physical presence of the members at a common venue to transact the businesses set out in the AGM Notice. The Company has sent the Notice of the 33rd AGM along with the Annual Report 2020-21 on Friday, September 3, 2021, through electronic mode to those Members whose e-mail addresses are registered with the Company or Registrar & Transfer Agent and Depositories and also through physical mode to the Members of the Company.

The Annual Report 2020-21 of the Company, inter alia, containing the Notice and the financial statements of the 33rd AGM is available on the website of the Company at www.cantabilinternational.com and on the websites of the Stock Exchanges viz. www.bseindia.com and www.nseindia.com. A copy of the same is also available on the website of Central Depository Services (India) Limited ('CDSL') at www.evotingindia.com

**Remote e-Voting:**

In compliance with Section 108 of the Companies Act, 2013 ('the Act') read with Rule 20 of the Companies (Management and Administration) Rules, 2014, as amended from time to time, the Secretarial Standard on General Meetings ('SS-2') issued by the Institute of Company Secretaries of India and Regulation 44 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, the Company is providing to its Members the facility of remote e-Voting before as well as during the AGM in respect of the business to be transacted at the AGM.

The detailed instructions for remote e-Voting are given in the Notice of the AGM. Members are requested to note the following:

a) The remote e-Voting facility would be available during the following period:

| | |
|---|---|
| **Commencement of E-voting** | **From 10.00 a.m. (IST) on Saturday, September 25, 2021** |
| **End of E-voting** | **Ends 5.00 p.m. (IST) on Monday, September 27, 2021** |

The remote e-Voting module shall be disabled by CDSL for voting thereafter and Members will not be allowed to vote electronically beyond the said date and time;

b) The Notice has been sent to all the Members, whose name appeared in the Register of Member/ List of beneficial owners received from NSDL & CDSL as on Friday, August 27, 2021. The voting rights of the Members shall be in proportion to their share of the paid-up equity share capital of the Company as on Tuesday, September 21, 2021 ('Cut-Off Date'). The facility of remote e-Voting system shall also be made available during the Meeting and the Members attending the Meeting, who have not already cast their vote by remote e-Voting shall be able to exercise their right during the Meeting. A person whose name is recorded in the Register of Members / Register of Beneficial Owners as on the Cut-Off Date only shall be entitled to avail the facility of remote e-Voting before / during the AGM;

c) Any person who acquires shares of the Company and becomes a Member of the Company after the dispatch of the Notice and holds shares as on the Cut-Off Date, may obtain the login-id and password for remote e-Voting by sending a request at helpdesk.evoting@cdsl.com in as provided by CDSL. A person who is not a Member as on the Cut-Off Date should treat the Notice of the AGM for information purposes only;

d) Members who have cast their vote by remote e-Voting prior to the Meeting may also attend the Meeting electronically, but shall not be entitled to vote again.

e) Mr. Devesh Kumar Vasisht, failing him Ms. Priyanka, Partners of M/s. Sanjay Grover & Associates, Company Secretaries, New Delhi, have been appointed as Scrutinizer by the Company to scrutinize the entire e-voting process in a fair and transparent manner.

f) The result of voting will be declared within 2 working days of the conclusion of AGM i.e. on or before September 30, 2021 and results so declared along with the consolidated Scrutinizer's Report will be placed on the Company's website www.cantabilinternational.com and also available at BSE on (www.bseindia.com) and NSE on (www.nseindia.com)

g) If you have any queries or issues regarding attending AGM & e-Voting from the e-Voting System, you may refer the Frequently Asked Questions ("FAQs") and e-voting manual available at www.evotingindia.com, under help section or write an email to helpdesk.evoting@cdslindia.com or contact Mr. Nitin Kunder (022-23058738) or Mr. Mehboob Lakhani (022-23058543) or Mr. Rakesh Dalvi (022-23058542).

**Registration of e-mail addresses:**

a) Shareholders holding share(s) in dematerialized form are requested to please provide Demat account details (CDSL-16 digit beneficiary ID or NSDL-16 digit DPID + CLID), Name, client master or copy of Consolidated Account statement, PAN (self attested scanned copy of PAN card), AADHAR (self attested scanned copy of Aadhar Card) to investors@cantabilinternational.com / beetalrta@gmail.com.

b) Shareholders holding share(s) in physical mode are requested to furnish like Folio No., Name of shareholder, scanned copy of the share certificate (front and back), PAN (self attested scanned copy of PAN card), AADHAR (self attested scanned copy of Aadhar Card) by email to investors@cantabilinternational.com / beetalrta@gmail.com.

**Book Closure:**

Notice is further given that pursuant to Section 91 of the Act and the Rules framed thereunder and Regulation 42 of SEBI (LODR) Regulations 2015, the Register of Members and the Share Transfer Books of the Company will remain closed from *Wednesday, September 22, 2021 to Tuesday, September 28, 2021 (both days inclusive)* for the purpose of 33rd AGM. The Company has also fixed the record date/Cutt off date as Tuesday, September 21, 2021 to determine the eligible shareholder entitled to vote at the said meeting.

**For CANTABIL RETAIL INDIA LIMITED**
**Sd/-**
**Date: 4th September, 2021** **POONAM CHAHAL**
**Place: New Delhi** **Company Secretary and Compliance Officer**

## TD POWER SYSTEMS LIMITED

tdps®

CIN: L31103KA1999PLC025071
Registered Office: No. 27, 28 & 29, KIADB Industrial Area, Dabaspet, Nelamangala Taluk, Bengaluru Rural District, Bengaluru - 562 111
Tel. No.: + 91 80 22995700, Fax: + 91 80 22995718 E mail: tdps@tdps.co.in, Website: www.tdps.co.in

**NOTICE OF 22nd ANNUAL GENERAL MEETING, REMOTE E-VOTING INFORMATION AND RECORD DATE**

Notice is hereby given that,

1. The 22nd Annual General Meeting (AGM) of the Members of the Company will be held at 10.30 A.M on Monday, September 27, 2021 through Video conferencing (VC) / other Audio-Visual Means (OAVM) to transact the business as set out in the Notice of the AGM.
2. In view of the continuing Covid-19 pandemic and pursuant to General Circular Nos.14/2020, 17/2020 and 20/2020 dated 8th April 2020, 13th April 2020, 5th May 2020 and January 13, 2021 respectively, issued by the Ministry of Corporate Affairs ("MCA Circulars") and Circular No. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 dated 12th May 2020 and January 15, 2021 issued by the Securities and Exchange Board of India ("SEBI Circular") and in compliance with the provisions of the Companies Act, 2013 ("The Act") and the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ("Listing Regulations"), the 22nd AGM of the Company is being conducted on 27th September, 2021 at 10:30 A.M. (IST) through Video Conferencing (VC)/Other Audio Visual Means (OAVM) Facility, which does not require physical presence of members at a common venue.
3. Electronic copies of the Notice of AGM and Annual Report for 2021 have been sent to those members whose email IDs are registered with the Company/Depository Participant(s). The same are also available on the website of the Company at www.tdps.co.in. The Notice of AGM and Annual Report for 2021 have been sent on September 3, 2021.
4. Pursuant to provisions of Section 108 of the Companies Act, 2013 and Rule 20 of the Companies (Management and Administration) Rules, 2014, as amended by the Companies (Management and Administration) Amendment Rules, 2015 and Regulation 44 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, the company is providing facility to its member holding shares either in physical form or dematerialized form, as on the cut-off-date September 20, 2021, for casting their vote electronically on the business as set forth in the Notice of the AGM through the electronic voting system of Central Depository Services (India) Limited (CDSL).All the members are informed that:
   i. The business as set forth in the Notice of the 22nd AGM may be transacted through voting by electronic means;
   ii. The remote e-voting shall commence on September 24, 2021 (9.00 a.m. IST);
   iii. The remote e-voting shall end on September 26, 2021 (5.00 p.m. IST);
   iv. The cut-off date for determining the eligibility to vote by electronic means or at the AGM is September 20, 2021;
   v. E-voting by electronic mode shall not be allowed beyond 5.00 p.m.IST on September 26, 2021;
   vi. Any person, who acquires shares of the Company and becomes member of the Company after dispatch of the Notice of the AGM and holding shares as of the cut-off date i.e September 20, 2021 may obtain the login ID and password by sending a request at helpdesk.evoting@cdslindia.com. However, if you are already registered with CDSL for e-voting, then the existing user ID and password/PIN can be utilized for casting vote;
   vii. Members may note that: a) the remote e-voting module shall be disabled by CDSL beyond 5.00 p.m. IST on September 26, 2021 and once the vote on a resolution is cast by the member, the member shall not be allowed to change it subsequently; b) Members may cast their vote by remote e-Voting prior to the date of AGM and members participating at the AGM, who have not cast their vote by remote e-Voting, will also be provided the facility for voting through electronic voting system during the AGM. c) the members who have cast their vote by remote e-voting prior to the AGM may also attend the AGM but shall not be entitled to cast their vote again; and c) a person whose name is recorded in the register of members or in the register of beneficial owners maintained by the depositories as on the cut-off date i.e September 20, 2021 only, shall be entitled to avail facility of remote e-voting.
   viii. The Notice of AGM and Annual Report for 2021 is available on the Company's website http://tdps.co.in/investor-relations/annual-report / and also at https://www.evotingindia.com/. Members who have not received the Notice and Annual Report for 2021 may download the same from the aforesaid website.
   ix. All grievances connected with the facility for voting by electronic means may be addressed by email to Mr. Rakesh Dalvi, Manager, Central Depository Services (India) Limited at helpdesk.evoting@cdslindia.com or rnt.helpdesk@linkintime.co.in our RTA at C101, 247 Park, L B S Marg, Vikhroli West, Mumbai 400 083.
5. Pursuant to Regulation 42 of SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations 2015, the Company has fixed the record date i.e. September 17, 2021 for the purpose of the 22nd Annual General Meeting and determining the entitlement of the shareholders to the dividend for the year ended March 31, 2021.

**For TD POWER SYSTEMS LIMITED**
**Sd/-**
Bangalore **N. Srivatsa**
September 03, 2021 **Company Secretary**

## Chemcon Speciality Chemicals Limited

CHEMCON

**CIN: L24231GJ1988PLC011652**
Regd. Office: Block No. 355, Manjusar Kunpad Road, Village: Manjusar, Taluka: Savli, Vadodara – 391775.
Tel: 0265 – 2981195 | Website: www.cscpl.com | Email: investor.relations@cscpl.com

**NOTICE OF 32ND ANNUAL GENERAL MEETING AND E-VOTING INFORMATION**

NOTICE is hereby given that the Thirty-second Annual General Meeting (AGM) of the members of Chemcon Speciality Chemicals Limited (the Company) will be held on Tuesday, 28th September 2021, at 11:00 a.m. (IST) through Video Conferencing (VC)/Other Audio-Visual Means (OAVM) in compliance with the applicable provisions of the Companies Act, 2013 and the rules made thereunder and the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ("Listing Regulations") read with MCA General Circular No. 14/2020 dated 8th April, 2020, General Circular No. 17/2020 dated 13th April, 2020,General Circular No. 20/2020 dated 5th May, 2020, Clarification Circular No. 02/2021 dated 13th January, 2021 (MCA Circulars) and Circular No. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 and SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 dated 12th May, 2020 and 15th January, 2021, respectively, issued by the Securities and Exchange Board of India (SEBI Circular),to transact the businesses as set out in the Notice of AGM.

In accordance with the aforesaid circulars, the notice of the AGM along with the Annual Report for the Financial Year 2020-21, has been sent through electronic mode only to those members whose e-mail addresses are registered with the Company/Depositories. The electronic dispatch of Annual Report to Members has been completed on 3rd September, 2021. The notice of AGM along with the Annual Report is also available on the Company's website (www.cscpl.com), Stock Exchanges website - BSE Limited (www.bseindia.com) & National Stock Exchange of India Limited (www.nseindia.com) and the Notice of AGM shall also be available on the website of Central Depository Services (India) Limited (CDSL) (www.evotingindia.com).

The Company is providing to its members, the facility to cast their vote electronically on all resolutions which are set out in the Notice of AGM. The Company has engaged the services of CDSL to provide the e-voting facility to the members. The remote e-voting period commences on Friday, 24th September, 2021 at 10:00 a.m. and ends on Monday, 27th September, 2021 at 5:00 p.m. The remote e-voting shall be disabled by CDSL thereafter and the remote e-voting shall not be allowed beyond the said date and time.

A person whose name is registered in the Register of Members or in the Register of Beneficial Owners maintained by the Depositories as on the cut-off date i.e. Tuesday, 21st September, 2021 only shall be entitled to avail the facility of remote e-voting or for participation at AGM and vote through e-voting system available during the AGM. The Members who will be present in the AGM through VC/OAVM facility and have not cast their vote on the resolutions through remote e-voting and are otherwise not barred from doing so, shall be eligible to vote through e-voting system during the AGM. Members who have casted their vote through remote e-voting may also attend the AGM but shall not be entitled to cast their vote again.

The members who are holding shares in physical form or who have not registered their email addresses with the Company/Depositories and the person who has acquired shares and become the members of the Company after the dispatch of notice and holding shares as of the cut-off date may download the Notice of AGM and follow the procedure for remote e-voting, attending the AGM and voting at the AGM as mentioned in the notice of AGM.

Those Members, whose email address is not registered with the Company or with their respective Depository Participant/s can get their email address registered by following the steps as given below:

a. For Members holding shares in physical form, please send scan copy of a signed request letter mentioning your folio number, complete address, email address to be registered along with scanned self- attested copy of the PAN and any document (such as Driving License, Passport, Bank Statement, AADHAR) supporting the registered address of the Member, by email to the Company's email address at: investor.relations@cscpl.com.
b. For the Members holding shares in demat form, please update your email address through your respective Depository Participant/s.

All grievances connected with the facility for voting by electronic means may be addressed to Mr. Rakesh Dalvi, Sr. Manager, (CDSL) Central Depository Services (India) Limited, A Wing, 25th Floor, Marathon Futurex, Mafatlal Mill Compounds, N M Joshi Marg, Lower Parel (East), Mumbai - 400013 or send an email to helpdesk.evoting@cdslindia.com or call on 022-23058542/43.

Helpdesk for Individual Shareholders holding securities in demat mode for any technical issues related to login through Depository i.e. CDSL and NSDL:

| Login type | Helpdesk details |
|---|---|
| Individual Shareholders holding securities in Demat mode with CDSL | Members facing any technical issue in login can contact CDSL helpdesk by sending a request at helpdesk.evoting@cdslindia.com or contact at 022- 23058738 and 22-23058542-43. |
| Individual Shareholders holding securities in Demat mode with NSDL | Members facing any technical issue in login can contact NSDL helpdesk by sending a request at evoting@nsdl.co.in or call at toll free no.: 1800 1020 990 and 1800 22 44 30 |

The Register of Members and Transfer Book of the Company will be closed from Wednesday, 22nd September, 2021 to Tuesday, 28thSeptember, 2021 (both days inclusive) for the purpose of AGM.

For Chemcon Speciality Chemicals Limited
Sd/-
Shahilkumar Kapatel
Place: Vadodara Company Secretary & Compliance Officer
Date: 3rd September, 2021 M. No.: A52211